આદિજાતિના વિદ્યાર્થીઓ માટે જી.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ તેમજ સ્પીપા પ્રવેશ કોચિંગ યોજનામાં (૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (GSSSB), (૨) રાજ્ય પોલીસ ભરતી બોર્ડ, (3) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (GPSSB) વગેરે જેવી રાજ્યકક્ષાની તથા કેન્દ્ર કક્ષાની (i) બેન્કીંગ, (ii) રેલ્વે અને (iii) સ્ટાફ સિલેક્શન કમિશન વગેરે જેવી વર્ગ-૧, ૨ અને ૩ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો સમાવેશ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**ઠરાવ ક્રમાંકઃ VKY/102018/410/P**

**સચિવાલય, ગાંધીનગર.**

**વંચાણે લીધા:-**

1. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૦૧/૨૦૨૨ નો સમાનાંકી સુધારા ઠરાવ.
2. ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ગાંધીનગરના તા.૨૩/૦૨/૨૦૨૩ તથા તા:૧૫/૦૭/૨૦૨૩ના પત્ર ક્રમાંક:DSAG/CEXM/e-file/316/2023/0187/GPSC-SPIPA

**પ્રસ્તાવના :**

રાજયના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે જીપીએસસી વર્ગ-૧ અને વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાની કોચિંગ યોજનામાં સ્પીપા પ્રવેશ કોચિંગ યોજનાનો સમાવેશ કરવા તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગર દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોચિંગ સહાય તરીકે DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) સ્કીમ મારફત વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા વાસ્તવિક કોચિંગ ફી પૈકી જે ઓછું હોય તેટલો સીધો લાભ લઇ શકે તેવી જોગવાઈ કરવા તેમજ એમ્પેનલમેન્ટ દ્વારા એજન્સીની પસંદગી માટેના માપદંડ નક્કી કરવા આ વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૧)થી સુધારા ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સદરહું વંચાણે લીધા સુધારા ઠરાવ ક્રમાંક (૧)માં જી.પી.એસ.સી. વર્ગ-૧ અને વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ તેમજ સ્પીપા પ્રવેશ કોચિંગ ઉપરાંત (૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (GSSSB), (૨) રાજ્ય પોલીસ ભરતી બોર્ડ, (3) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (GPSSB) વગેરે જેવી રાજ્યકક્ષાની તથા કેન્દ્ર કક્ષાની (i) બેન્કીંગ, (ii) રેલ્વે અને (iii) સ્ટાફ સિલેક્શન કમિશન વગેરે જેવી વર્ગ-૧, ૨ અને ૩ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો સમાવેશ કરવા માટે વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રોથી ડી-સેગ દ્વારા રજુ કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવને રદ કરી એક સંકલિત ઠરાવ બહાર પાડવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**-: ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના ઠરાવને રદ કરી રાજ્યના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે જી.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ તેમજ સ્પીપા પ્રવેશ કોચિંગ યોજનામાં (૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (GSSSB), (૨) રાજ્ય પોલીસ ભરતી બોર્ડ, (3) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (GPSSB) વગેરે જેવી રાજ્યકક્ષાની તથા કેન્દ્ર કક્ષાની (i) બેન્કીંગ, (ii) રેલ્વે અને (iii) સ્ટાફ સિલેક્શન કમિશન વગેરે જેવી ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા લેવાતી વર્ગ-૧, ૨ અને ૩ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો સમાવેશ કરવા તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંથી કોઇ પણ એક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચિંગ આપવા નીચેની શરતો અને બોલીઓને આધિન આથી ઠરાવવામાં આવે છે.

**શરતો:-**

1. ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગર દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ

Signature Not Verified
Signed by:Disha R Patel
Section Officer
Date: 2023.11.10
17:24:13 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

મેળવતા અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે (૧) ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) અને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA), (૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (GSSSB), (૩) રાજ્ય પોલીસ ભરતી બોર્ડ, (૪) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (GPSSB) વગેરે જેવી રાજ્યકક્ષાની તથા કેન્દ્ર કક્ષાની (i) બેન્કીંગ, (ii) રેલ્વે અને (iii) સ્ટાફ સિલેક્શન કમિશન વગેરે જેવી વર્ગ-૧, ૨ અને ૩ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંથી કોઈ પણ એક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે વિદ્યાર્થીને કોચિંગ સહાય તરીકે DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) યોજના મારફત વિદ્યાર્થી દીઠ એક વખત રૂ.૨૦,૦૦૦/- અથવા વાસ્તવિક કોચિંગ ફી (GST સાથે) પૈકી જે ઓછું હોય તેટલો સીધો લાભ આપવાનો રહેશે.

2. **<u>આદિજાતિ વિદ્યાર્થીઓની પસંદગી :</u>**
   a. મૂળ ગુજરાતના વતની હોય તેવા આદિજાતિ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
   b. આદિજાતિ વિદ્યાર્થી જે જિલ્લાનો વતની હશે તે જિલ્લાના લક્ષ્યાંક અન્વયે મેરીટના ધોરણે વિદ્યાર્થીની પસંદગી ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગર દ્વારા કરવાની રહેશે.
   c. આદિજાતિ વિદ્યાર્થી જે ભરતી પરીક્ષાની પૂર્વ તૈયારી કરવા માંગતા હોઇ તે ભરતીની શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા લાગુ પડશે. તે શૈક્ષણિક લાયકાતમાં ૫૦% કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઈએ.
   d. આદિજાતિ વિદ્યાર્થીની પસંદગી વસ્તીના ધોરણે જિલ્લાવાર લક્ષ્યાંકની મર્યાદામાં ઉપલબ્ધ ગ્રાન્ટના આધારે કરવામાં આવશે.
   e. તાલીમાર્થીને આ યોજનાનો લાભ ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે.
3. **<u>કોચિંગનો સમયગાળો :</u>**
   a. (૧) ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) અને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA), (૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (GSSSB), (૩) રાજ્ય પોલીસ ભરતી બોર્ડ, (૪) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (GPSSB) વગેરે જેવી રાજ્યકક્ષાની તથા કેન્દ્ર કક્ષાની (i) બેન્કીંગ, (ii) રેલ્વે અને (iii) સ્ટાફ સિલેક્શન કમિશન જેવી ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા લેવાતી વર્ગ-૧, ૨ અને ૩ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ કોચિંગનો સમયગાળો નક્કી કરવાનો રહેશે.
   b. ઓછામાં ઓછું ૪(ચાર) માસ કે ૧૨૦ દિવસનું કોચિંગ આપવાનું રહેશે.
4. **<u>આવક મર્યાદા :</u>**
   a. આદિજાતિ વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂ.૫.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ.(સરકારશ્રી દ્વારા વખતો વખત આવક મર્યાદામાં થનાર સુધારો લાગુ પડશે)
5. **<u>કોચિંગ માટે કાર્યક્ષેત્ર (વિસ્તાર) :</u>**
   a. સમગ્ર ગુજરાત
6. **<u>એમ્પેનલમેન્ટ દ્વારા એજન્સીની પસંદગી માટેના માપદંડ :</u>**
   a. એજન્સીનું રજીસ્ટ્રેશન ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦; સોસાયટી રેજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦; શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ, ૧૯૪૮ (દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ-૧૯૪૮) અથવા કંપની એક્ટ, ૨૦૧૩ હેઠળ થયેલ હોવું જોઈએ.
   b. એજન્સી GST નંબર તથા પાન કાર્ડ ધરાવતી હોવી જોઈએ.
   c. એજન્સી અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઈએ.
   d. કોચિંગ સેન્ટર ખાતે બાયોમેટ્રીક હાજરીની સુવિધા ફરજિયાત હોવી જોઈએ.
   e. ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: એસ.પી.ઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
   f. સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના (GeM) પોર્ટલ દ્વારા ખરીદી કરવા અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
   g. વિગતવાર શરતોનો ટેન્ડરમાં ઉલ્લેખ કરવાનો રહેશે.
7. **<u>કરારની અવધિ :</u>**
   a. આ કરારનો સમયગાળો, એજન્સી સાથે વર્કઓર્ડર પર સહી કર્યાની તારીખથી એક વર્ષ માટે માન્ય રાખવાનો રહેશે.
   b. કોચિંગની સમીક્ષા ડી-સેગ દ્વારા વર્ષના અંતે કરવાની રહેશે. જેમાં નિયમો અને શરતો તથા એજન્સીના પર્ફોર્મન્સના આધારે પરસ્પર નક્કી કરી કરારને બીજા વર્ષ અને ત્રીજા વર્ષ માટે લંબાવી શકાશે. આમ, કરારનો સમયગાળો મહત્તમ ત્રણ વર્ષ માટે રાખી શકાશે.

8. <u>સહાય મેળવવા માટેના ધોરણો :</u>
   a. તાલીમાર્થીએ ડી-સેગ દ્વારા એમ્પેનલ થયેલ એજન્સીમાં કોચિંગ મેળવેલ પ્રવેશના આધારો રજૂ કરવાના રહેશે.
   b. તાલીમાર્થીએ ભરેલ ફીની પહોચ.
   c. તાલીમાર્થીની ૮૦% બાયોમેટ્રીક હાજરીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે, પરંતુ કુદરતી આપત્તિ કે મહામારી જેવી અસાધારણ પરિસ્થિતિઓમાં શિક્ષણ વિભાગની વખતો વખતની સૂચનાઓ મુજબ ઓનલાઈન શિક્ષણ માન્ય ગણવામાં આવશે.
   d. તાલીમાર્થીએ આદિજાતિ હોવાનું જાતિનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
   e. તાલીમાર્થીના કુટુંબની વાર્ષિક આવકનું વેલિડ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
9. આ યોજના અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
10. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
11. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
14. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. આ યોજના અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫, અનુ. જાતિઓ, અનુ. આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨, અનુ. જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: જી.પી.એસ.સી.ના અનાવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની ઇ-ફાઇલ ક્રમાંક: TDD/DSG/e-file/25/2023/0508/P ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દિશા પટેલ**
**સેક્શન અધિકારી**
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: Disha R Patel
Section Officer
Date: 2023.11.10
17:24:13 +05:30

- નિયામકશ્રી (આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ.